Hackensack Meridian *Health*
JFK Medical Center

---

**નીતિનો પ્રકાર:** **વિભાગીય**

**ફેસિલિટી:** **JFK મેડીકલ સેન્ટર અને જહોન્સન પુનર્વસવાટ સંસ્થા**

**નીતિનો પ્રકાર:** **ફાયનાન્સીયલ આસિસ્ટન્સ નીતિ અને બિલિંગ નીતિ**

**લાગુ થયા તારીખ: 04/06/2018** **સુધારેલી તારીખ: 04/06/2018**

---

## ફાયનાન્સીયલ આસિસ્ટન્સ નીતિ

**I. <u>હેતુ:</u>**

JFK Health System, Inc.,, જેમાં JFK મેડીકલ સેન્ટર અને જહોન્સન પુનર્વસવાટ સંસ્થા (સામુહિક રીતે "JFK") સામેલ છે, તે અમારા સમુદાયો માટે ઉચ્ચ ગુણવત્તાની આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે અને તેમની ચુકવણી કરવાની ક્ષમતાને ધ્યાનમાં ના લેતા, તમામ દર્દીઓ જરૂરી ઇમરજન્સી અને અન્ય રીતે જરૂરી તબીબી આરોગ્ય સંભાળ પૂરી પાડવાની ખાતરી કરે છે.

**II. <u>નીતિ:</u>**

ફાયનાન્સીયલ આસિસ્ટન્સ નીતિ ("FAP") JFK માટે ફાયનાન્સીયલ આસિસ્ટન્સ નીતિ અને સિદ્ધાંતો જાહેર કરશે. આ FAP અનુસાર, જે લોકોને આરોગ્ય સંભાળની જરૂરીયાત છે અને જે વીમા વિનાના છે, અપૂરતા વીમા કવરેજ સાથેના, અન્ય સરકારી સહાય માટે અયોગ્ય, અથવા અન્યથા તેમની વ્યક્તિગત નાણાકીય પરિસ્થિતિ પર આધારિત ઇમરજન્સી અથવા અન્ય તબીબી રીતે આવશ્યક આરોગ્ય સંભાળ સેવાઓ માટે ચૂકવણી કરવામાં અક્ષમ છે તેવા દરેક વ્યક્તિને નાણાકીય સહાય પુરી પાડવા JFK કટિબદ્ધ છે.

JFK વ્યક્તિઓની નાણાકીય સહાયતાની પાત્રતા અથવા ચુકવણી કરવાની ક્ષમતાને ધ્યાનમાં લીધા વિના, ભેદભાવ વિના, તેમને ઇમરજન્સી તબીબી પરિસ્થિતિઓ માટેની સંભાળ પૂરી પાડશે. ઇમરજન્સી વિભાગ પાસે સારવાર ઇચ્છતા કોઇપણ વ્યક્તિની ઇમરજન્સી તબીબી સ્થિતિને સ્થિર કરવા તબીબી પરીક્ષણ અને તેના જેવી અન્ય સારવાર પૂરી પાડવા માટે ફેડરલ ઇમરજન્સી તબીબી સારવારના ધોરણોનું અને 1986 ના એક્ટીવ લેબર ટ્રાન્સપોર્ટના કાયદા ("EMTALA") અને EMTALA નિયમોનું  પાલન કરવાની JFK ની નીતિ છે. JFK એવા કોઇપણ કાર્યમાં નહીં જોડાય જે ઇમરજન્સી તબીબી સંભાળ મેળવવા માટે વ્યક્તિઓને નિરાશ કરે જેમ કે ઇમરજન્સી તબીબી પરિસ્થિતિઓ માટે સારવાર મેળવતા પહેલાં ઇમરજન્સી વિભાગના દર્દીઓને ચુકવણીની માગણી દ્વારા,અથવા ઇમરજન્સી વિભાગ અથવા અન્ય વિસ્તારોમાં દેવું એકત્રિત કરવાની પ્રવૃત્તિઓ મંજૂરી આપવી, જ્યાં આવી પ્રવૃત્તિઓબિન-ભેદભાવપૂર્ણ આધાર પર ઇમરજન્સી સંભાળની જોગવાઇ સાથે દખલ કરી શકે છે.

નાણાકીય સહાય માત્ર ઇમરજન્સી અથવા અન્ય રીતે જરૂરી તબીબી આરોગ્ય સંભાળ માટે જ ઉપલબ્ધ છે. વધારામાં, JFK ની હોસ્પિટલમાં પૂરી પાડવામાં આવતી તમામ સેવાઓ JFK ના કર્મચારીઓ દ્વારા આપવામાં આવતી નથી અને તેથી આ FAP હેઠળ કવર ના થઇ શકે. જે પ્રદાતાઓ JFK હોસ્પિટલ ફેસિલિટીઓમાં ઇમરજન્સી અથવા અન્ય રીતે જરૂરી તબીબી આરોગ્ય સંભાળ પૂરી પાડતા હોય તેવા પ્રદાતાઓની સૂચી જોવા માટે કૃપા કરી પરિશિષ્ટ A નો સંદર્ભ લો. આ પરિશિષ્ટ સ્પષ્ટ કરે છે કે

ક્યાં પ્રદાતાઓ આ FAP હેઠળ કવર કરવામાં આવ્યા છે અને ક્યાં નથી. જો જરૂરી હોય, તો પ્રદાતાની સૂચિની ત્રિમાસિક સમીક્ષા કરવામાં આવશે અને અપડેટ કરવામાં આવશે.

## III. વ્યાખ્યાઓ:

આ FAP ના હેતુ માટે, નીચે આપેલા શબ્દોને નીચે મુજબ વ્યાખ્યાયિત કરવામાં આવી છે:

સામાન્ય રીતે બિલ કરવામાં આવતી રકમ *("AGB")*: ઇન્ટરનલ રેવન્યુ કોડની કલમ 501(r)(5) અનુસાર, ઇમરજન્સી કેસમાં અથવા અન્ય જરૂરી તબીબી સંભાળમાં, FAP પાત્ર દર્દીને જેમની પાસે આવી સંભાળ આવરતો વીમો છે તેમને તેના કરતા વધુ ચાર્જ કરવામાં આવશે નહી.

*AGB ટકાવારી:* FAP હેઠળ સહાયતાની પાત્રતા ધરાવતા કોઇ વ્યક્તિને ઇમરજન્સી કેસ અથવા અન્ય રીતે જરૂરી તબીબી સંભાળ પૂરી પાડતી વખતે AGB નક્કી કરવા માટે હોસ્પિટલ ફેસિલિટી દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી કુલ ખર્ચની ટકાવારી.

અરજીનો સમયગાળો*:* એ સમયગાળો જે દરમિયાન એક વ્યક્તિ નાણાકીય સહાય માટે અરજી કરી શકે. IRC §501(r)(6) માં દર્શાવેલ માપદંડને સંતોષવા માટે, વ્યક્તિને નાણાકીય સહાય માટે અરજી કરવા JFK વ્યકિતને પ્રથમ ડિસ્ચાર્જ પછીના બિલિંગ સ્ટેટમેન્ટ આપ્યા પછીના એક વર્ષ સુધીનો સમય આપે છે.

પાત્રતાના માપદંડ*:* આ FAP માં સેટ કરવામાં આવેલા (અને પ્રક્રિયા દ્વારા સમર્થિત) માપદંડ દર્દી નાણાકીય સહાય મેળવવા માટે લાયક છે કે નહી તે નક્કી કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

ઇમરજન્સી તબીબી સ્થિતિ:સોશિયલ સિક્યુરિટી એક્ટ (42 U.S.C. 1395dd) ની કલમ 1867 ના અર્થમાં નિર્ધારિત કર્યા મુજબ.

અસાધારણ એકત્રિત કરવાની ક્રિયાઓ *("ECAs")*: વેતન ભરવું, મિલકત પર પૂર્વાધિકાર મૂકીને અને ક્રેડિટ એજન્સીઓને જાણ કરવા સહિત તમામ જે કાનૂની અથવા અદાલતી પ્રક્રિયાઓમાં સામેલ છે પરંતુ તે પુરતું મર્યાદિત નથી. વ્યક્તિગત દેણાનું અન્ય પક્ષને વેચાણ કરવું, મુકદમા, રહેઠાણો પર પૂર્વાધિકાર, ધરપકડ, શરીરના જોડાણો, અથવા તેના સમાન અન્ય એકત્રિત કરવાની પ્રક્રિયાઓ ECA માં સામેલ છે.

નાણાકીય સહાય: નાણાં, લોન, કરવેરામાં ઘટાડો, વગેરેના રૂપમાં વ્યક્તિ અથવા સંસ્થાને આપવામાં આવેલી સત્તાવાર સહાય. આ FAP અનુસાર, જો દર્દી સ્થાપિત કરેલા માપદંડોને પુરા કરે અને પાત્ર ઠરવા માટે નક્કી થાય, તો નાણાકીય સહાય દર્દીને નિ:શુલ્ક અથવા ડિસ્કાઉન્ટવાળી ઇમરજન્સી અથવા અન્ય રીતે જરૂરી તબીબી સંભાળ પૂરી પાડવામાં આવશે.

પરિવાર: સેન્સસ બ્યુરોની વ્યાખ્યાના ઉપયોગથી, બે કે તેથી વધુ લોકોનો એક સમૂહ જે એકબીજા સાથે રહે છે અને જન્મ, લગ્ન અથવા દત્તક-અંગીકરણ દ્વારા સંબંધિત છે. ઇન્ટરનલ રેવન્યુ સેવાના નિયમો મુજબ, જો દર્દી તેમના આવકવેરા રીટર્ન પર કોઇને તેમના આશ્રિત તરીકે દાવો કરે, તો નાણાકીય સહાયની જોગવાઇના હેતુઓ માટે તેને આશ્રિત ગણવામાં આવી શકે છે.

Hackensack Meridian *Health*
JFK Medical Center

પરિવારની કુલ આવક: પરિવારની કુલ આવક સેન્સસ બ્યુરોની વ્યાખ્યા મુજબ નક્કી કરવામાં આવે છે, જે ગરીબીના માર્ગદર્શનોની ગણતરી કરતી વખતે નીચેની આવકનો ઉપયોગ કરે છે:

- આવકની કમાણી, બેરોજગારી વળતર, કામદારનું વળતર, સોશિયલ સિક્યુરિટી, પૂરક સુરક્ષા આવક, જાહેર સહાય, અનુભવીઓના ચૂકવણી, હયાતીના લાભો, પેન્શન અથવા નિવૃત્તિની આવક, વ્યાજ, ડિવિડન્ડ, ભાડા, રોયલ્ટી, સ્થાવર મિલકતો, ટ્રસ્ટ્સ, શૈક્ષણિક સહાયતા, ખોરાકી, બાળ સહાય, ઘર બહારથી મળતી સહાય, અને અન્ય પરચુરણ સ્ત્રોતો;
- બિન રોકડ લાભો જેમ કે ફૂડ સ્ટેમ્પ્સ અને હાઉસિંગ સબસિડીની ગણતરીઓ કરવામાં આવતી નથી;
- પહેલાના કરવેરાના આધાર પર નક્કી કરવામાં આવશે;
- મૂડીના નફા અથવા ખોટને બાકાત રાખવામાં આવે છે; અને
- જો વ્યક્તિ તેના પરિવાર સાથે રહેતું હોય, તો પરિવારના તમામ સભ્યોની આવક સામેલ છે (જે સબંધીઓ નથી, જેમ કે એક ઘરના રહેવાસીઓ, ની ગણતરી કરવામાં આવશે નહી).

*FAP-પાત્ર:* આ નીતિ હેઠળ જે વ્યક્તિઓ સંપૂર્ણ અથવા આંશિક રીતે નાણાંકીય સહાય માટે પાત્ર હોય.

ફેડરલ ગરીબીના સ્તર *("FPL")*: ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ હ્યુમન સર્વિસીઝ દ્વારા વાર્ષિક ધોરણે આપવામાં આવેલા આવક સ્તરનું માપ. ફેડરલ ગરીબીના સ્તરનો ઉપયોગ નાણાકીય સહાયની યોગ્યતા નક્કી કરવા માટે થાય છે.

કુલ ખર્ચાઓ: તબીબી સંભાળ માટેની હોસ્પિટલ ફેસિલિટીની સંપૂર્ણ, સ્થાપિત કિંમત, જે કોઇપણ કરારના ભથ્થાં, ડિસ્કાઉન્ટ અથવા કપાત લાગુ કરતાં પહેલાં દર્દીઓને સતત અને એકસરખી રીતે ચાર્જ કરવામાં આવે છે.

તબીબી રીતે જરૂરી સેવાઓ: દર્દીના નિદાનનું મૂલ્યાંકન કરવા હેતુ અથવા બીમારી, ઇજા, રોગ અથવા તેના લક્ષણોની સારવારના હેતુ માટે, ફીઝીશીયન, વિવેકપૂર્ણ કલીનીકલ ચુકાદા માટેની આરોગ્ય સંભાળ સેવાઓ આ છે: (a) તબીબી પ્રેકટીસમાં સામાન્ય રીતે સ્વીકારવામાં આવેલા ધોરણો અનુસાર; (b) તબીબી રીતે યોગ્ય હોય; અને (c)મુખ્યત્વે દર્દીની ફેસિલિટી માટે નહીં.

સૂચનાનો સમયગાળો: 120 દિવસનો સમયગાળો, જે પ્રથમ વાર ડિસ્ચાર્જ થયા પહેલાના બિલીંગ સ્ટેટમેન્ટ સાથે શરુ થાય છે, જેમાં દર્દી વિરુદ્ધ કોઇ ECA શરૂ કરવામાં આવશે નહીં.

સાદી ભાષામાં સારાંશ *("PLS")*: એક લેખિત નિવેદન જે વ્યક્તિગતને સૂચિત કરે છે કે આ FAP હેઠળ JFK નાણાકીય સહાય આપે છે અને સ્પષ્ટ, સંક્ષિપ્ત અને સમજવા માટે સરળ રીતે વધારાની માહિતી પૂરી પાડે છે.

અપૂરતા વીમા કવરેજ સાથેના: જેમાં દર્દી પાસે અમુક સ્તરનો વીમો અથવા તૃતીય પક્ષની સહાય હોય છે પરંતુ તે છતાં આઉટ-ઓફ-પોકેટ ખર્ચો હોય જે તેમની નાણાકીય ક્ષમતાઓ કરતાં વધી જાય છે.

વીમા વિનાના: જેમાં દર્દી પાસે તેમની ચુકવણીની જવાબદારીને પહોંચી વળવામાં મદદ કરવા માટે વીમા અથવા તૃતીય પક્ષની સહાયનું કોઇ સ્તર હોતું નથી.

Hackensack Meridian *Health*
JFK Medical Center

## IV. <u>નાણાકીય સહાય પાત્રતાનું માપદંડ:</u>

વીમા વિનાના અને અપૂરતા વીમા કવરેજ સાથેના લોકોને મદદ કરવા માટે JFK વિવિધ નાણાકીય સહાય પ્રોગ્રામ પ્રદાન કરે છે. નીચે સામેલ કરેલા નાણાકીય સહાય પ્રોગ્રામો જો દર્દી સ્થાપિત કરેલા માપદંડોને પુરા કરે અને પાત્ર ઠરવા માટે નક્કી થાય, તો નાણાકીય સહાય દર્દીને નિ:શુલ્ક અથવા ડિસ્કાઉન્ટવાળી ઇમરજન્સી અથવા અન્ય રીતે જરૂરી તબીબી સંભાળ સાથે પૂરી પડે છે.

### <u>ન્યુ જર્સી હોસ્પિટલ સંભાળ ચુકવણી સહાયતાનો પ્રોગ્રામ ("ચૅરિટી સંભાળ")</u>

ચૅરિટી સંભાળ એ ન્યુ જર્સી પ્રોગ્રામ છે જેમાં દર્દી સ્ટેટ ઓફ ન્યુ જર્સીના તીવ્ર સંભાળ હોસ્પિટલમાં દાખલ થયેલા ઇનપેશન્ટ અને આઉટપેશન્ટ તરીકે સેવા પ્રાપ્ત કરે છે તેમને નિ:શુલ્ક અથવા ડિસ્કાઉન્ટવાળી સંભાળ ઉપલબ્ધ છે. હોસ્પિટલ સહાય અને ઘટાડેલા દરોની સંભાળ માત્ર જરૂરી ઇમરજન્સી અથવા અન્ય રીતે જરૂરી તબીબી સંભાળ માટે જ ઉપલબ્ધ છે.

જહોન્સન પુનર્વસવા ટ સંસ્થાના દર્દીઓ ઇનપેશન્ટ અને આઉટપેશન્ટની પુનર્વસવાટ સેવાઓ માટે ચૅરિટી સંભાળ મેળવવાના પાત્ર નથી. સ્ટેટ ઓફ ન્યુ જર્સી તે સેવાઓ માટે પુનર્વસવાટ ફેસિલિટીઓની ભરપાઇ કરતું નથી.

<u>પાત્રતા</u>

દર્દીઓ ચૅરિટી સંભાળ માટે પાત્ર ઠરી શકે જો તેઓ ન્યુ જર્સીના રહેવાસીઓ હોય જેઓ:

1) જેમની પાસે કોઇ સ્વાસ્થ્ય કવરેજ ના હોય અથવા એવું કવરેજ હોય જે માત્ર હોસ્પિટલના બિલનો ભાગ ચૂકવતું હોય (વીમા વિનાના અથવા અપૂરતા વીમા કવરેજ સાથેના);
2) તેઓ કોઇપણ ખાનગી અથવા સરકારી પ્રાયોજિત કવરેજ માટે અયોગ્ય છે (જેમ કે Medicaid); અને
3) નીચે દર્શાવેલ નીચેની આવક અને મિલ્કતની પાત્રતાના માપદંડોને મળતા હોય.

<u>આવકની પાત્રતાના માપદંડ</u>

ફેડરલ ગરીબીનો સ્તર ("FPL") ના 200% કરતાં ઓછી અથવા તેના જેટલી કુલ પારિવારિક આવક ધરાવતા દર્દીઓ 100% ચૅરિટી સંભાળ કવરેજ માટે પાત્ર છે.

FPL ના 200% કરતા વધુ પરંતુ તેના 300% કરતા ઓછી અથવા તેના જેટલી કુલ પારિવારિ ક આવક ધરાવતા દર્દીઓ ડિસ્કાઉન્ટવાળી સંભાળ માટે પાત્ર છે.

<u>મિલ્કતના માપદંડ</u>

ચૅરિટી સંભાળમાં સંપતિની પાત્રતાની શરુઆતનો સમાવેશ થાય છે જે જણાવે છે કે વ્યક્તિગત સંપત્તિ $ 7,500 કરતાં વધુ હોવી જોઇએ નહી અને પરિવારની સંપત્તિ સેવાની તારીખથી $ 15,000 કરતાં વધુ હોવી જોઇએ નહી.

<u>રહેઠાણના માપદંડ</u>

Hackensack Meridian *Health*
JFK Medical Center

ન્યુ જર્સીમાં ન રહેતા નવા રહેણાંકો માટે, જેમને ઇમરજન્સી તબીબી સ્થિતિ માટે ઇમરજન્સી તબીબી ધ્યાનની જરૂર હોય તેમના માટે ચૅરિટી સંભાળ ઉપલબ્ધ હોઇ શકે છે.

ચૅરિટી સંભાળની લાયકાત દિશાનિર્દેશો સ્ટેટ ઓફ ન્યૂ જર્સી દ્વારા નક્કી કરવામાં આવે છે અને વધારાની માહિતી નીચેની વેબસાઇટ પર મળી શકે છે:

http://www.state.nj.us/health/charitycare/documents/charitycare_factsheet_en.pdf.

**ન્યુ જર્સી વીમા વિનાના ડિસ્કાઉન્ટ સાર્વજનિક કાયદો 2008, C. 60 ("વીમા વિનાના ડિસ્કાઉન્ટ")**

ધી ન્યુ જર્સી વીમા વિનાના ડિસ્કાઉન્ટ વીમો ના ધરાવતા દર્દીઓને ઉપલબ્ધ છે.

**રહેમિયત સંભાળ પ્રોગ્રામ**

બધા સંભવિત પાત્ર દર્દીઓનું પરીક્ષણ થઇ શકે છે અને ચૅરિટિ સંભાળ સહાય માટે અરજી કરી શકે અથવા રહેમિયત સંભાળ પ્રોગ્રામ માટે સીધા અરજી કરી શકે છે.

JFK રહેમિયત સંભાળ પ્રોગ્રામ વીમા વિનાના અથવા અપૂરતા વીમા કવરેજ સાથેના ન્યૂ જર્સી નિવાસીઓ માટે ઉપલબ્ધ છે, જેઓ આંશિક ચૅરિટી સંભાળ સહાય માટે પાત્ર છે. જો કોઇ વ્યક્તિ ચૅરિટિ સંભાળ માટે પાત્ર છે, પરંતુ 100% ચૅરિટિ સંભાળ કવરેજ પ્રાપ્ત કરતા નથી તો રહેમિયન્ટ સંભાળ ડિસ્કાઉન્ટ બાકી રહેલી બેલેન્સ પર લાગુ થશે.

વીમા વિનાના વ્યક્તિઓ કે જેઓનું ચૅરિટિ સંભાળ માટે પરીક્ષણ કરવામાં આવ્યું છે, પરંતુ તેઓ લાયક નથી, તે વીમા વિનાના/ રહેમિયત સંભાળ પ્રોગ્રામ માટે પાત્ર છે.

## V. નાણાકીય સહાય માટે અરજી કરવી

JFK નાણાકીય પ્રતિનિધિઓ ("નાણાકીય પ્રતિનિધિઓ") નાણાકીય સહાય માટે અરજી કરવા ઇચ્છતા હોય તેવા દર્દીઓને સહાય કરવા અથવા ચૂકવણીની વ્યવસ્થાઓ સુયોજિત કરવા માટે ઉપલબ્ધ છે.. દર્દીને તમામ ફેડરલ, રાજ્ય અને હોસ્પિટલ નાણાકીય સહાય પ્રોગ્રામો અને પ્રક્રિયાઓની સંપૂર્ણ સમજ છે તે સુનિશ્ચિત કરવા માટે નાણાંકીય પ્રતિનિધિઓ દર્દીઓ સાથે કામ કરશે. નાણાકીય પ્રતિનિધિઓ વિવિધ સરકારી પ્રોગ્રામો માટે અરજી કરવામાં મદદ કરશે અને સમગ્ર પ્રક્રિયામાં કેવી રીતે આગળ વધવું તેની સલાહ આપશે.

જો તમારું પરિવાર કોઇ પણ પ્રકારનાં સરકારી પ્રોગ્રામો માટે યોગ્ય નથી, તો તે જોવા માટે કે શું તમે ચૅરિટિ સંભાળ માટે યોગ્યતાના માપદંડોને પૂરો કરો છો અમારા નાણાકીય પ્રતિનિધિઓ તમારી નાણાકીય સ્થિતિની સમીક્ષા કરશે.

અરજીની પ્રક્રિયા:

દર્દીઓ જે માને છે કે તેઓ નાણાકીય સહાય માટે પાત્ર છે તેમને નાણાકીય સહાય અરજી ("અરજી") પૂર્ણ કરવી આવશ્યક છે. દર્દીઓને તેમની અરજીઓ સાથે સહાય કરવા માટે નાણાકીય પ્રતિનિધિઓ ઉપલબ્ધ છે. અરજી કાંતો નાણાકીય પ્રતિનિધિ સાથે વ્યક્તિ પૂર્ણ કરી શકે અથવા વ્યક્તિગત રીતે પૂર્ણ થઇ શકે અને સમીક્ષા અને પ્રક્રિયા માટે નાણાંકીય પ્રતિનિધિને રજૂ કરવી જોઇએ.

જો કોઇ દર્દી નાણાકીય પ્રતિનિધિ સાથે અરજી પૂર્ણ કરવા માગે છે, તો તે કોઇ એપોઇન્ટમેન્ટ સુનિશ્ચિત કરવા માટે કૉલ કરી શકે છે. વૈકલ્પિક રીતે, તેઓ માહિતીની પૂછપરછ માટે અને પ્રાપ્ત કરવા માટે એડમિટીંગ ડિપાર્ટમેન્ટની મુલાકાત લઇ શકે છે.

નાણાકીય પ્રતિનિધિઓ યોગ્યતાના મૂલ્યાંકન માટે તમામ જરૂરી અને લાગુ માપદંડની દર્દીને જાણ કરશે અને શિક્ષિત કરશે. ત્યારબાદ, દર્દીઓને નાણાકીય જરૂરિયાત નિર્ધારિત કરવા સુસંગત સહાયક દસ્તાવેજો સાથે વ્યક્તિગત, નાણાકીય અને અન્ય પરચૂરણ માહિતી પૂરી પાડવાની જરૂર પડશે.

નાણાકીય પ્રતિનિધિ ઓ તેમને માટે ઉપલબ્ધ તમામ નાણાકીય પ્રોગ્રામોનું જ્ઞાન પૂરું પાડવાના પ્રયાસરૂપે, વીમા વિનાના ઇનપેશન્ટસ સાથે મુલાકાત લેવાના દરેક પ્રયાસ કરે છે. નાણાકીય પ્રતિનિધિઓ ત્યારબાદ દર્દી અને/અથવા તેમના પરિવાર સાથે કામ કરવાનું ચાલુ રાખે છે.

અરજી ક્યાંથી મેળવવી:

આ FAP હેઠળ ઓફર કરવામાં આવતી નાણાકીય સહાય માટે અરજી કરવા માગતા દર્દીઓ અમારી વેબસાઇટ પર અરજી મેળવી શકે છે: https://jfkmc.org/patients-visitors/financial-resources

બિઝનેસ ઓફિસને (732) 321-7566 પર ફોન કરીને અરજીની વિનંતી કરી શકાય છે.

અરજીની પેપર નકલો આ પર સ્થિત એડમિશન ઓફીસ પર પણ ઉપલબ્ધ છે.

JFK Medical Center
65 James Street
Edison, NJ 08820

JFK મેડીકલ સેન્ટર
65 James Street
Edison, NJ 08820

સોમવારથી – શુક્રવાર સુધી સવારે 8:30 - સાંજે 5 વાગ્યા સુધી તમારી મદદ માટે નાણાકીય પ્રતિનિધિઓ સાઇટ પર હાજર હોય છે.

બધી પૂર્ણ કરેલ અરજી આના પર મોકલવી જોઇએ:

JFK Medical Center
Admissions Office
65 James Street
Edison, NJ 08820

JFK મેડીકલ સેન્ટર
એડમિશન ઓફીસ
65 James Street
Edison, NJ 08820

નાણાંકીય સહાય નિર્ધારણ શક્ય તેટલું જલ્દી કરવામાં આવશે, પરંતુ વિનંતિની તારીખથી દસ (10) કામકાજના દિવસો બાદ નહીં. જો પર્યાપ્ત કાગળ પૂરા પાડવામાં ન આવે, તો વિનંતીને અપૂર્ણ અરજી ગણવામાં આવશે.

જરૂરી દસ્તાવેજો:

તમારા, તમારા પતિ/પત્ની, અને કોઇપણ બાળકો જે 21 વર્ષ અને તેથી નીચેના હોય તેમના માટે નીચે આપેલ માહિતીની જરૂર છે :

- સૌથી વધુ તાજેતરના ફેડરલ કરવેરાના રિટર્ન (1040);
- વ્યક્તિગત ઓળખ એટલે કે હાલનું ડ્રાયવર્સ લાયસન્સ, સોશિયલ સિક્યોરિટી કાર્ડ, જન્મ પ્રમાણપત્ર અથવા પાસપોર્ટ;
- સરનામાનો પુરાવો, એટલે કે યુટિલિટી બિલ, ટેલીફોન બિલ અથવા જે તારીખથી સેવાઓમાંથી આપવામાં આવી હતી તે લીઝ;
- જે તારીખથી સેવાઓ આપવામાં આવે તેના સહિત ચેકિંગ, બચત, CD, IRA, 401K, સ્ટોક અને/અથવા બોન્ડ સ્ટેટમેન્ટ;
- જે તારીખથી સેવાઓ આપવામાં આવશે/આવી છે તેના તાત્કાલિક પહેલાં ત્રણ મહિના માટે આવકના દસ્તાવેજ. અમે તમામ 13 અઠવાડિયાં માટે પગાર સ્ટેબનો અથવા અથવા તમારા એમ્પ્લોયર પાસેથી લેટરહેડ પર પત્ર કે જે આ દરેક અઠવાડિયા માટે અલગથી તમારા કુલ પગારને વર્ણવતો હોય તે સ્વીકારી શકીએ;
- જો તમે સ્વ રોજગારી હો, તો અમારી પાસે તમારી સેવાની તારીખના તાત્કાલિક 3 મહિના પહેલાના એક એકાઉન્ટન્ટ દ્વારા તૈયાર અને હસ્તાક્ષર થયેલ નફા અને નુકસાનનું સ્ટેટમેન્ટ હોવું આવશ્યક છે. કરવેરાના રિટર્ન અને બિઝનેસ બેંક એકાઉન્ટ પણ ફરજિયાત છે;
- જો તમારી ભાગીદારી અથવા કોર્પોરેશન હોય, તો અમારી પાસે સાપ્તાહિક પગાર ડ્રો સાથે એકાઉન્ટન્ટ પાસેથી એક પત્ર હોવો જોઇએ. કરવેરાના રિટર્ન અને બિઝનેસ બેંક એકાઉન્ટ પણ ફરજિયાત છે;
- જો તમે બેરોજગાર હોવ તો કૃપા કરીને તમારી સેવાની તારીખના તાત્કાલિક 3 મહિના પહેલાના બેરોજગારી સ્ટબ્સ અથવા સાપ્તાહિક કમ્પ્યુટર પ્રિન્ટઆઉટ સાથે પાત્રતા પત્રક આપશો;
- જો તમે સોશિયલ સિક્યોરિટી પ્રાપ્ત કરતા હોવ તો, અમને તમે જેટલા વર્ષ માટે સેવાઓ પ્રાપ્ત કરી છે તેના "અવોર્ડ" પત્રની જરૂર છે;
- જો તમને પેન્શન મળતું હોય, તો કૃપા કરીને તમારી સેવાની તારીખથી 3 મહિના પહેલાં સ્ટબ્સ અથવા કંપની કે જે પેન્શન પૂરું પાડે છે તેના તરફથી તમારું કુલ માસિક લાભ જણાવતો પત્ર પ્રદાન કરો;
- જો તમે તમારા માતા-પિતા, ગર્લફ્રેન્ડ, બોયફ્રેન્ડ, મિત્ર, વગેરે સાથે રહેતાં હોવ તો, તેમના સરનામાં, ફોન નંબર, તમારી સાથે સંબંધ અને તમે ત્યાં કેટલા સમયથી રહી રહ્યા છો તે દર્શાવતું તેમના દ્વારા સહી કરેલ પત્રની અમને જરૂર છે;
- જો લાગુ પડતું હોય તો, બાળ સહાય અને/અથવા ખોરાકી માહિતી સહિત છૂટાછેડાના દસ્તાવેજોની નકલની જરૂર છે; અને

- જો તમારું બાળક 18-21 વર્ષની વયની અંદર હોય અને સંપૂર્ણ સમયની કૉલેજ નું વિદ્યાર્થી હોય, અથવા જો તમે 22 કે તેથી વધુ ઉંમરના હોવ અને સંપૂર્ણ સમયની કૉલેજના વિદ્યાર્થી હોવ, તો કૃપા કરીને વર્તમાન અને પહેલાનાં સેમિસ્ટર માટે નાણાકીય એવોર્ડસના દસ્તાવેજ પ્રદાન કરો.

## VI. પ્રક્રિયાઓ

ચૅરિટિ સંભાળ માટે પરીક્ષણ કરતા પહેલાં, અરજદારોનું કોઇપણ તૃતીય પક્ષના વીમા લાભો અથવા તબીબી સહાય પ્રોગ્રામો કે જે હોસ્પિટલ બિલ માટે ચૂકવણી કરી શકે છે તે માટે તેમની સંભવિત પાત્રતા નક્કી કરવા માટે પરીક્ષણ કરવું જોઇએ. જ્યાં સુધી તેઓને અન્ય તબીબી સહાય પ્રોગ્રામો (એટલે કે Medicaid, સોશિયલ સિક્યોરિટી) માટે અયોગ્ય નક્કી ન કરવામાં આવે ત્યાં સુધી દર્દીઓને ચેરિટી સંભાળ માટે પાત્ર ગણવામાં આવશે નહીં.

જો કોઇ વ્યક્તિ અન્ય કોઇ તબીબી સહાયતા પ્રોગ્રામો માટે પાત્ર નથી, તો તેમનું ચૅરિટી સંભાળ માટે પરીક્ષણ કરી શકાય છે. જો દર્દી 100% ચૅરિટી સંભાળ માટેના માપદંડને પૂર્ણ કરે છે, તો વીમા વિનાના/રહેમિયત સંભાળ પ્રોગ્રામ લાગુ થશે નહીં (ખર્ચાઓ પહેલેથી જ સંપૂર્ણપણે આવરી લેવામાં આવશે).

જો કોઇ દર્દી ચૅરિટી સંભાળ માટે પાત્ર ગણવામાં આવે, તો દર્દીને તેના માટેના નિર્ણય પત્ર મળે છે (જે દર રાજ્ય માર્ગદર્શિકા દીઠ એક વર્ષ માટે ચાલે છે), અને રહેમિયત સંભાળ પ્રોગ્રામ માટે પણ સહભાગી પત્ર મેળવશે. વીમા વિનાના વ્યક્તિઓ કે જે ચૅરિટિ સંભાળ માટે પાત્ર નથી, તેઓ વીમા વિનાના/રહેમિયત સંબદ પ્રોગ્રામ માટે પાત્ર રહેશે.

જો દર્દી કોઇ વીમા કવરેજ ન હોવાનું દાવો કરે, તો તેમનું નાણાંકીય સહાય માટે પરીક્ષણ કરતા પહેલા "કોઇ વીમો નથી તેની ચકાસણી" પર સહી કરવાનું કહેવામાં આવશે. વધુમાં, તે સમજાવી શકાય કે જો પછીથી તેઓ વીમો પૂરો પાડશે તો તે સેવાની તારીખો માટે બિલ નહીં કરાય જે અગાઉથી રહેમિયત સંભાળ હેઠળ આવી છે, કારણ કે રેફ્રલ્સ અને/અથવા સચોટતા પ્રાપ્ત ન થઇ હોઇ શકે અને/અથવા સમયસર ફાઇલિંગ મર્યાદા પસાર થઇ ગઇ હોઇ શકે. સારવાર ચાલુ રાખતા પહેલાં સેવાની ભવિષ્યની તારીખો માટે તમામ રેફરલ અને/અથવા સચોટ વીમા જરૂરીયાતો પૂરી થઇ હોવી જરૂરી છે.

જ્યારે દર્દી વીમા કવરેજ પૂરું પાડે છે, તેમ છતાં ચકાસણી બતાવે કે લાભો પુરા થઇ ગયા છે અથવા પૂરી પાડવામાં આવતી સેવા(ઓ) માટે કોઇ લાભ નથી, તો તેઓને "કવરેજ ન થયાની નોટિસ" પર સહી કરવાનું કહેવામાં આવશે, જે કવરેજ ન થયાનું કારણ અને વ્યક્તિગત રીતે જવાબદાર બનવાની સ્વીકૃતિ દર્શાવતું હશે. જો દર્દીઓ પછી આવરી ન લેવાઇ હોય તેવી સેવાઓ માટે વીમા વિનાના/રહેમિયત સંભાળ પ્રોગ્રામ ઓફર કરવામાં આવશે.
જો દર્દી વિમાને બીલ કરવાની વિનંતી કરે તે ખબર હોવા છતાં કે સેવા તેમના વર્તમાન લાભ પેકેજ દ્વારા આવરી લેવામાં નથી આવતી,તો તે સમજાવી શકાય કે જો લાભોના સ્પષ્ટતા નકારવાનું દર્શાવે કે દર્દી જવાબદાર નથી, તો પણ તેઓ બિન-કવરેજની પૂર્વ સૂચનાને લીધે વ્યક્તિગત રીતે જવાબદાર હશે.

અપૂર્ણ અરજીઓ માટેની પ્રક્રિયા:

FAP-યોગ્યતાના તાત્કાલિક નિર્ધારણ ન કરી શકાય તેવી ઘટનામાં, નાણાકીય પ્રતિનિધિઓ અરજદાર પાસેથી વધારાની માહિતીની વિનંતી કરશે. JFK અરજદારને બંને મૌખિક અને લેખિત નોટિસ આપશે જે FAP- યોગ્યતા નિર્ધારણ કરવા માટે જરૂરી વધારાની માહિતી/દસ્તાવેજ વર્ણવે છે અને દર્દીને વિનંતી કરેલ દસ્તાવેજો પ્રદાન કરવા માટે વાજબી સમય (30 દિવસ) પ્રદાન કરશે. આ સમય દરમિયાન, JFK, અથવા તેમના વતી કામ કરતા કોઇપણ તૃતીય પક્ષ, FAP-લાયકાત નિર્ધારિત કરવામાં ન આવે ત્યાં સુધી અગાઉ ચુકવણી મેળવવા માટે કોઇપણ ECA's સ્થગિત કરાશે.

Hackensack Meridian *Health*
JFK Medical Center

પૂર્ણ થયેલ અરજીઓ માટેની પ્રક્રિયા:

એકવાર પૂર્ણ અરજી પ્રાપ્ત થઇ જાય પછી JFK:

- વ્યક્તિ સામે કોઇ પણ ECAs સ્થગિત કરશે (JFK ના વતી કાર્યરત કોઇપણ તૃતીય પક્ષ હાથ ધરાયેલ ECAs સ્થગિત કરશે);
- સમયસર રીતે FAP-યોગ્યતા નિર્ધારિત કરવાનું બનાવો અને દસ્તાવેજ કરો; અને
- નિર્ધારણ અને નિર્ધારણના આધારને લેખિતમાં જવાબદાર પક્ષ અથવા વ્યક્તિને સૂચિત કરો.

નાણાકીય સહાય માટે લાયક માનવામાં આવેલ વ્યક્તિને અનુકૂળ નિર્ધારણ લેખિતમાં સૂચિત કરવામાં આવશે. IRC §501 (r) JFK અનુસાર:

- FAP- પાત્ર વ્યક્તિ માલિકીની રકમ, તે રકમ કેવી રીતે નિર્ધારિત થઇ છે અને કેવી રીતે AGB સંબંધિત માહિતી મેળવી તે સૂચવતું બિલિંગ સ્ટેટમેન્ટ પૂરું પાડો, જો લાગુ પડતું હોય તો;
- વ્યકિત દ્વારા અપાયેલી કોઇપણ વધારાની ચૂકવણી પરત કરો; અને
- JFK વતી કામ કરતા તૃતીય પક્ષો સાથે દેવું એકત્ર કરવા માટે દર્દી સામે અગાઉ લેવામાં આવેલા કોઇપણ ECAs ને ઉલટાવી દેવા માટે તમામ વાજબી ઉપલબ્ધ પગલાં લેવા કામ કરો.

## VII. <u>ચાર્જ કરેલ રકમની ગણતરી કરવા માટેના આધાર</u>

આ નીતિ હેઠળ પૂર્ણ અથવા આંશિક નાણાંકીય સહાય માટે FAP- પાત્ર વ્યક્તિઓને ચાર્જ કરેલ રકમની ગણતરી કરવા માટે નીચે મુજબ રૂપરેખા આપે છે.

### <u>ચૅરિટિ સંભાળ</u>

જો કોઇ દર્દી ચૅરિટિ સંભાળ માટે પાત્ર હોય ,તો દર્દીના આઉટ-ઓફ-પોકેટ ખર્ચની ન્યૂ જર્સી ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ ફી શેડ્યૂલ (નીચે બતાવેલ) ના ઉપયોગ દ્વારા નક્કી કરવામાં આવશે.

| ની ટકાવારી તરીકે આવક<br>HHS ગરીબી આવકની માર્ગદર્શિકા | પેશન્ટ દ્વારા ચૂકવાતા ચાર્જીસની ટકાવારી |
|---|---|
| 200% કરતા ઓછું અથવા તેના જેટલું | 0% |
| 200% કરતાં વધુ પરંતુ 225% થી ઓછું અથવા તેના જેટલું | 20% |

| | |
|---|---|
| 225% કરતાં વધુ પરંતુ 250% થી ઓછું અથવા તેના જેટલું | 40% |
| 250% કરતાં વધુ પરંતુ 275% થી ઓછું અથવા તેના જેટલું | 60% |
| 275% કરતાં વધુ પરંતુ 300% થી ઓછું અથવા તેના જેટલું | 80% |
| 300% કરતાં વધુ | વીમા વિનાના ડિસ્કાઉન્ટ રેટ ઉપલબ્ધ |

જો 20% થી 80% સ્લાઇડીંગ ફી સ્કેલ પરના દર્દી તેમની કુલ વાર્ષિક આવકના 30% થી વધુ આઉટ-ઓફ-પોકેટ તબીબી ખર્ચ ચુકવવા માટે જવાબદાર હોય (ઉ.દા. અન્ય પક્ષો દ્વારા ના ચુકવવામાં આવેલા બિલ), તો તે 30% થી વધુ રકમની ચુકવણી હોસ્પિટલ સંભાળ ચુકવણી સહાયમાં ગણવામાં આવશે.

## વીમા વિનાના ડિસ્કાઉન્ટ/રહેમિયત સંભાળ પ્રોગ્રામ

P.L. 89-97 (42.U.S.C.s.1395 et seq) અનુસાર પાત્ર વ્યક્તિઓને તે રકમ ચાર્જ કરવામાં આવશે જે દર્દીને રજુ કરવામાં આવતી આરોગ્ય સંભાળ સેવાઓ માટે ફેડરલ Medicare પ્રોગ્રામ અથવા AGB (નીચે દર્શાવ્યા મુજબ) હેઠળ લાગુ પડતા ચૂકવવાના દર કરતા 115% ઓછો હોય .

## રહેમિયત સંભાળ પ્રોગ્રામ

### JFK મેડીકલ સેન્ટર - રહેમિયત સંભાળ પ્રોગ્રામ

JFK રહેમિ યત સંભાળ પ્રોગ્રામ ડિસ્કાઉન્ટ માટે પાત્રતા ધરાવતા JFK મેડીકલ સેન્ટરના દર્દીઓ પાસે દાખલ થયેલા ઇનપેશન્ટની ફેસિલિટી સેવાઓ અને APC/CLFS/પાર્ટ A ફી શેડ્યુલ/આઉટપેશન્ટની ફેસિલિટી સેવાઓ MPFS અથવા AGB (નીચે દર્શાવ્યા મુજબ) DRG આધારિ ત Medicare ભરપાઇ દરના 115% કરતા ઘટાડેલી સ્વ-ચુકવણી બેલેન્સ હશે.

### જહોન્સન પુનર્વસવાટ સંસ્થા - રહેમિયત સંભાળ પ્રોગ્રામ

JFK રહેમીયત સંભાળ ડિસ્કાઉન્ટ માટે પાત્રતા ધરાવતા જહોન્સન પુનર્વસવાટ સંસ્થાના દર્દીઓ પાસે ઇનપેશન્ટની સેવાઓ માટે CMG આધારિત અને આઉટપેશન્ટ માટે JFK અથવા AGB (નીચે દર્શાવ્યા મુજબ) દ્વારા આપવામાં આવતા બિલ APC અથવા થેરેપી ફી શેડ્યુલ્સ CMG આધારિત Medicare ભરપાઇ દરના 115% કરતા ઘટાડેલી સ્વ-ચુકવણી બેલેન્સ હશે.

## *AGB*

IRC §501(r)(5) અનુસાર AGB ની ગણતરી કરવા માટે JFK લુક-બેક પદ્ધતિનો ઉપયોગ કરે છે. AGB % ની વાર્ષિક ગણતરી કરવામાં આવે છે અને તે Medicare સેવા-માટેની-ફી દ્વારા મંજૂર કરવામાં આવેલા તમામ દાવાઓ + 12-મહિનાના ગાળામાં તમામ ખાનગી આરોગ્ય વિમાઓ, જે તે દાવા સાથે સંકળાયેલા કુલ ખર્ચથી વિભાજિત કરવામાં આવે છે તેના પર

આધારિત છે . AGB નક્કી કરવા માટે લાગુ પડતા AGB % કુલ ખર્ચ પર લાગુ કરવામાં આવે છે. JFK મેડીકલ સેન્ટર અને જહોન્સન પુનર્વસવાટ સંસ્થા માટેની AGB ટકાવારી નીચે મુજબ છે:

JFK મેડીકલ સેન્ટર : 25%

જહોન્સન પુનર્વસવાટ સંસ્થા : 40%

આ FAP હેઠળ નાણાકીય સહાયને પાત્ર બનવાનું નક્કી કરનાર વ્યકિતને કોઇપણ ઇમરજન્સી અથવા અન્ય રીતે જરૂરી તબીબી આરોગ્ય સંભાળ માટે AGB થી વધુ ચાર્જ કરવામાં નહી આવે. FAP પાત્ર કોઇપણ વ્યક્તિને હમેશા AGB કરતા ઓછુ અથવા આ નીતિ હેઠળ ઉપલબ્ધ કોઇપણ ડિસ્કાઉન્ટ ચાર્જ કરવામાં આવશે.

## VIII. વ્યાપક રૂપે પ્રચાર કરવો

FAP, અરજીઓ અને PLS તમામ નીચેની વેબસાઇટ પર ઓનલાઇન ઉપલબ્ધ છે: https://jfkmc.org/patients-visitors/fiancial-resources

FAP ની પેપર નકલો, અરજીઓ અને PLS કોઇપણ ચાર્જ વિના મેઇલ દ્વારા વિનંતી કરવા પર અને JFK ની ફેસિલિટી ના જુદા-જુદા વિસ્તારોમાં ઉપલબ્ધ છે. ઇમરજન્સી રૂમ, દર્દીની નોંધણીના દાખલ થયાના વિસ્તારો અને બિઝનેસ ઓફીસ, આમાં સામેલ છે, પરંતુ તે પુરતું મર્યાદિત નથી.

JFK ના તમામ દર્દીઓને ઇન્ટેક પ્રક્રિયાના ભાગરૂપે PLS ની નકલ ઓફર કરવામાં આવશે. એક સ્થાયી પરિસ્થિતિની ઘટનામાં, દર્દીએ જરૂરી તબીબી સારવાર મેળવ્યા પછી રજીસ્ટ્રેશન પ્રક્રિયા દરમિયાન દર્દીને PLS ઓફર કરવામાં આવશે.

દર્દીને નાણાંકીય સહાયની ઉપલબ્ધતા વિશેની માહિતી આપતા ચિહ્નો અથવા ડિસ્પ્લે જાહેર સ્થળોએ પોસ્ટ કરવામાં આવશે જેમાં ઇમરજન્સી રૂમ, દર્દી રજિસ્ટ્રેશનના ચેક-ઇન વિસ્તારો, એડમિટીંગ અને બિઝનેસ ઓફિસ સહિતના જાહેર સ્થળો સા મેલ છે.

JFK સમુદાયના સભ્યોને સમગ્ર વર્ષ દરમિયાન યોજાયેલી સામુદાયિક ઘટનાઓ દરમિયાન JFK ખાતે નાણાકીય સહાયની ઉપલબ્ધતા વિશે સમુદાયના સભ્યો સાથે વાત કરીને નાણાકીય સહાયની ઉપલબ્ધતા અંગે જાણ કરવા વાજબી પ્રયત્નો કરે છે (ઉ.દા. આરોગ્ય મેળાઓ, પરીક્ષણ, શૈક્ષણિક સ્તરો, વગેરે.).

JFK ની FAP, અરજીઓ અને PLS અંગ્રેજીમાં અને અંગ્રેજીમાં મર્યાદિત પ્રાવીણ્ય ("LEP") ધરાવતા લોકોની પ્રાથમિક ભાષામાં ઉપલબ્ધ છે, જે 1,000 વ્યક્તિઓ કરતા અથવા JFK ના પ્રાથમિક સેવા વિસ્તારમાં સેવા અપાયેલ સમુદાયના 5% કરતા ઓછા છે.

JFK મેડીકલ સેન્ટર, LEP વ્યક્તિઓ અને ના સાંભળી શકતા દર્દીઓ માટે અનુવાદન, ભાષાંતર અને સાંકેતિક ભાષાની સેવાઓ વિના મુલ્યે પૂરી પાડે છે.

અમે મહત્વપૂર્ણ તબીબી ચર્ચાઓ માટે ઉપલબ્ધ અનુવાદન સેવાઓનો ઉપયોગ કરવા માટે દર્દીઓને પ્રોત્સાહિત કરીએ છીએ. દર્દીની સંભાળ સારવારમાં તબીબી પરિભાષાનો સમાવેશ થાય છે જે કોઇ પણ ભાષામાં જટીલ હોઇ શકે છે. JFK મેડીકલ સેન્ટર દ્વારા અનુવાદકની સેવાઓ ઉપલબ્ધ છે જેમાં મોટાભાગની ભાષાઓમાં ફોન અનુવાદન પણ સામેલ છે. સામાન્ય દર્દીની સ્થિતિ માટે નિર્ણાયક દસ્તાવેજો અને દર્દી શિક્ષણ સામગ્રીનો અનવાદ પણ ઉપલબ્ધ છે.

Hackensack Meridian *Health*
JFK Medical Center

જો તમને અનુવાદક, સાંકેતિક ભાષાના અનુવાદક અથવા દુભાષિયાની જરૂર હોય, તો કૃપા કરી એક્સ્ટેન્શન ખાતે દર્દી પ્રતિનિધિ કાર્યાલયનો સંપર્ક કરો. (732) 321-7566 અથવા તમને દાખલ કરનાર કલર્ક કે નર્સને સહાય માટે પૂછો.

ઇમરજન્સીમાં, ASL રેફરલ સર્વિસ (800) 275-7551, 3 કલાકની અંદર સાંકેતિક ભાષાનો અનુવાદક પુરો પાડી શકે છે -- દિવસના 24 કલાક, અઠવાડિયાના સાત દિવસ. ASL દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી સેવાઓ દર્દીને વિના મુલ્યે પૂરી પાડવામાં આવે છે. જો કે, અમે કહીએ છીએ કે તમે દર્દીના અને અનુવાદકના નામ પ્રમાણે દર્દી પ્રતિનિધિ કાર્યાલયને સૂચિત કરો જેથી JFK મેડીકલ સેન્ટર પ્રસ્તુત સેવાઓ માટે જરૂરી ચુકવણીની વ્યવસ્થા કરી શકે.

**બિલીંગ અને કલેક્શન નીતિ**

**I. <u>હેતુ</u>**

તમામ બિલીંગ, ક્રેડીટ અને કલેક્શનની પ્રેક્ટીસ તમામ ફેડરલ અને રાજ્યના કાયદાઓ, નિયમોની માર્ગદર્શિકા અને નીતિનું પાલન કરે છે તેને સુનિશ્ચિત કરવું.

**II. <u>નીતિ</u>**

બિલીંગ અને કલેક્શન પ્રવૃતિઓ સાથે સચોટ હોવું અને તેનું પાલન કરવું તે JFK ની નીતિ છે. આ દસ્તાવેજમાં સેટ કરવામાં આવેલી પ્રક્રિયાઓને અનુસરવાથી આ નીતિમાં દર્શાવેલા તમામ માપદંડોને મળવાનું લક્ષ્ય સફળતાપુર્વક પૂરું કરી શકાય છે. બિઝનેસ ઓફીસ, ફાઇનાન્સ, ઇન્ફોર્મેશન સિસ્ટમ અને વિક્રેતાઓના સંચાલનનો સંપૂર્ણ સહકાર અને સમૂહકાર્ય અમારા ધ્યેય માટે આવશ્યક છે

**III. <u>પ્રક્રિયાઓ</u>**

એકવાર દર્દીના દાવા પર તેમના વીમા દ્વારા પ્રક્રિયા થયા બાદ, JFK દર્દીને તેમની દર્દીની જવાબદારી સૂચિત કરતું બીલ મોકલશે. વધારામાં, જો દર્દી પાસે કોઇ ત્રીજા પક્ષનું કવરેજ ના હોય, તો તેઓ તેમની દર્દીની જવાબદારી સૂચિત કરતું એક બીલ મેળવશે. ડિસ્ચાર્જ થયા પછીનું દર્દીનું આ પહેલું ડિસ્ચાર્જ બિલીંગ સ્ટેટમેન્ટ હશે. આ સ્ટેટમેન્ટ પરની તારીખ અરજી અને સૂચનાનો સમયગાળો શરુ કરશે (ઉપર વ્યાખ્યાચિત કર્યા મુજબ).

દર્દીએ ડિસ્ચાર્જ થયા પછીનું તેમનું પહેલું બિલીંગ સ્ટેટમેન્ટ મેળવ્યા બાદ, JFK વધારાના 3 બિલીંગ સ્ટેટમેન્ટ અને 2 પત્રો (28 દિવસના અંતરાલમાં, કુલ 4 બિલીંગ સ્ટેટમેન્ટ) મોકલશે.

જો 4 બિલીંગ નિવેદનો પછી ચુકવણી પ્રાપ્ત કરવામાં ના આવે, તો JFK દર્દીને જાણ કરતો પત્ર લખશે કે જો 30 દિવસની અંદર ચુકવણી કરવામાં ના આવી, તો એકાઉન્ટને કલેક્શન્સમાં મોકલવામાં આવશે. વધારામાં, પત્ર ECAs ને સામેલ કરશે (ઉપર વ્યાખ્યાચિત કર્યા મુજબ) જે દર્દીનું એકાઉન્ટ સંગ્રહમાં જતું રહે તે પછી સ્થાન લેશે. લેખિત નોટીસમાં પણ PLS ની નકલ સામેલ હશે.

જ્યારે બિલીંગ ઇન્વોઇસ તે જણાવતા પરત આવે છે કે દર્દી મૃત્યુ પામ્યું છે અથવા પહોચાડી શકાય તેમ નથી અને અન્ય કોઇ સરનામું મળ્યું નથી તો અનુવર્તન અને ચકાસણી માટે એકાઉન્ટ પ્રિ-કલેક્ટ સ્ટેટ્સ પર જતું રહે છે.

સંગ્રહો

JFK બિલીંગ સાયકલમાં એકાઉન્ટસને પ્રિ-કલેક્ટમાં મોકલી શકે છે. આ સમયગાળા દરમિયાન, JFK વતી કાર્ય કરતા ત્રીજા પક્ષો ચુકવણી એકત્રિત કરવા માટે ટેલિફોન દ્વારા દર્દીઓનો સંપર્ક કરી શકે છે. જયારે એકાઉન્ટ પ્રિ-કલેક્શન સાયકલમાં હોય, ત્યારે દર્દી વિરુદ્ધ કોઇપણ ECA's લેવામાં આવશે નહી.

સૂચનાના સમયગાળાની સમાપ્તિ પછી, JFK દર્દીના એકાઉન્ટને સંગ્રહમાં મોકલશે. ચુકવણી એકત્રિત કરવાની કલેક્શન એજન્સી તકનીકોમાં ટેલિફોન કોલ્સ, પત્રો અને ચોક્કસ ECA's નો સમાવેશ થાય છે. તેમની તમામ પ્રવૃતિઓ બિલીંગ સિસ્ટમ સાથે સંપૂર્ણ રીતે દસ્તાવેજીત કરવામાં આવશે અને કલેક્શન એજન્સીને સંચાલિત કરતી રાજ્ય નિયમની તમામ માર્ગદર્શિકાઓને અનુસરશે.

જો કલેક્શન એજન્સી તે પછી અસફળ રહે (180 દિવસથી વધુનો સમયગાળો નહી) તો દર્દીનું એકાઉન્ટ JFK માં પરત ફરશે. એકાઉન્ટ પરત ફરવાના સમયે, જયારે દર્દી સાથે સંવાદ કરવામાં આવે તેમજ જયારે એકાઉન્ટ JFK માં પરત ફરે તે તારીખે કલેક્શન એજન્સી તેમની પ્રવૃત્તિઓના સંપૂર્ણ દસ્તાવેજો અને તારણોનો સમાવેશ કરશે .

## IV. <u>IRC §501(r)(6) નું પાલન</u>

IRC §501(r)(6) અનુસાર, સૂચનાના સમયગાળાની સમાપ્તિ પહેલા JFK કોઇપણ ECAs માં જોડાશે નહી.

જો FAP પાત્રતા નક્કી કરવામાં ના આવી હોય અથવા જો કોઇ વ્યક્તિ નાણાકીય સહાય માટે લાયક ના હોય, તો ના ચુકવવામાં આવેલી બેલેન્સ માટે, JFK સૂચનાના સમયગાળાના અનુગામી, અથવા તેના વતી કાર્ય કરતો કોઇપણ ત્રીજો પક્ષ, દર્દી વિરુદ્ધ નીચેની ECAs શરુ કરી શકે છે.

- કન્ઝ્યુમર ક્રેડિટ રિપોર્ટિંગ એજન્સીઝ અથવા ક્રેડિટ બ્યુરોમાં વ્યક્તિની પ્રતિકૂળ માહિતી વિશે જાણ કરવી;
- વ્યક્તિગત મિલકત પર પૂર્વાધિકાર રાખવો;
- કોઈ વ્યક્તિની વાસ્તવિક મિલ્કતને જપ્ત કરવી.
- વ્યક્તિના બેંક એકાઉન્ટ અથવા અન્ય વ્યક્તિની મિલ્કતને જોડવી અથવા જપ્ત કરવી;
- કોઈ વ્યક્તિ સામે નાગરિક કાર્યવાહી શરૂ કરવી; અને
- વ્યક્તિના વેતનને સજાવે છે.

સૂચનાના સમયગાળા પછી ગુનાહિત દર્દીના એકાઉન્ટ્સ પર ECAs શરૂ કરવા માટે JFK ત્રીજા પક્ષને અધિકૃત કરી શકે છે. આ FAP હેઠળ વ્યક્તિ નાણાકીય સહાય માટે લાયક છે કે નહી તે નક્કી કરવા માટે તેઓ વાજબી પ્રયત્નો કરવામાં આવ્યા છે તે સુનિશ્ચિત કરશે અને કોઇપણ ECA શરુ કરતાના ઓછામાં ઓછા 30 દિવસ પહેલા નીચેના પગલાઓ લેશે.

1. દર્દીને લેખિત નોટીસ પૂરી પાડવામાં આવશે જે:

    (a) સૂચિત કરે છે કે પાત્રતા ધરાવતા દર્દીઓ માટે નાણાકીય સહાય ઉપલબ્ધ છે;
    (b) ECA(s) ને ઓળખે છે, જે JFK એ સંભાળ માટેની ચુકવણી મેળવવાના હેતુ માટે શરુ કર્યા છે; અને
    (c) એક સમયમર્યાદા જણાવે છે જેના પછી આવા ECAs શરુ થઇ શકે છે.

2. આ લેખિત સૂચના સાથે દર્દીને PLS ની એક નકલ પ્રાપ્ત થઇ છે; અને

3. FAP અને નાણાકીય સહાય અરજી પ્રક્રિયા સાથે વ્યક્તિ કેવી રીતે સહાય મેળવી શકે છે તે વિશે વ્યક્તિને મૌખિક રીતે સૂચિત કરવા વાજબી પ્રયત્નો કરવામાં આવે છે.

JFK અને તેમના વતી કાર્ય કરતા ત્રીજા પક્ષના વિક્રેતાઓ, અરજીના સમયગાળા દરમિયાન જમા કરવામાં આવેલી આ નીતિ હેઠળ ઉપલબ્ધ નાણાકીય સહાય માટેની તમામ અરજી સ્વીકારશે અને પ્રક્રિયા કરશે.

**પરિશિષ્ટ A:**
**JFK મેડીકલ સેન્ટર અને જહોન્સન પુનર્વસવાટ સંસ્થાના પ્રદાતાની સૂચી**

JFK ફાઇનાન્સિયલ આસિસ્ટન્સ નીતિ JFK મેડીકલ સેન્ટર અને જહોન્સન પુનર્વસવાટ સંસ્થાને લાગુ પડે છે. JFK મેડીકલ સેન્ટર અથવા જહોન્સન પુનર્વસવાટ સંસ્થા હોસ્પિટલ ફેસિલિટી સાથે સેવાઓ પૂરી પાડતા ચોક્કસ ફીઝીશીયન અને અન્ય આરોગ્યસંભાળ પ્રદાતાઓને આ ફાઇનાન્સિયલ આસિસ્ટન્સ નીતિ અનુસરવાની જરૂર નથી.

સર્વિસ લાઇન દ્વારા નીચે પ્રદાતાઓની સૂચી આપવામાં આવી છે, જે હોસ્પિટલ ફેસિલિટીની અંદર ઇમરજન્સી અથવા અન્ય રીતે જરૂરી તબીબી આરોગ્ય સંભાળ પૂરી પાડે છે.

**આ ફાઇનાન્સિયલ આસિસ્ટન્સ નીતિ હેઠળ આવરી લેવામાં આવેલા પ્રદાતાઓની સૂચી:**

- પૂરી પાડવામાં આવશે.

**આ ફાઇનાન્સિયલ આસિસ્ટન્સ નીતિ હેઠળ આવરી ન લેવામાં આવેલા પ્રદાતાઓની સૂચી:**

- પૂરી પાડવામાં આવશે.